રાજીવ ગાંધી રાષ્ટ્રીય ઘોડિયાઘર
યોજનાનું નામ બદલીને રાષ્ટ્રીય
ઘોડિયાઘર યોજના કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક- આઇસીડી/૧૧૨૦૧૯/૪૩૬/બ
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૦/૦૧/૨૦૨૦

<u>વંચાણે લિધા :-</u>

(૧) ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય નો તા. ૨૬/૧૦/૨૦૧૭ નો અ.સ. પત્ર ક્રમાંક CRE-12-/3/2017-Creche

<u>આમુખ:</u>

સમુદાયની કામ કરતી માતાઓના બાળકો (૬ મહિનાથી ૬ વર્ષ) માટે દિવસ દરમ્યાન સંભાળ રાખવા, પોષણ અને આરોગ્યની સેવા આપવા તેમજ બાળકોના શારીરિક, જ્ઞાનાત્મક, સામાજિક અને ભાવનાત્મક વિકાસ (સર્વગ્રાહી વિકાસ) ને પ્રોત્સાહન આપવા તથા માતાપિતા/પાલકોને વધુ સારી રીતે સંભાળ માટે શિક્ષિત કરવા અને તેમનું સશક્તિકરણ કરવા માટે ઘોડિયાઘર ચલાવવામાં આવે છે. વંચાણે લિધેલ ભારત સરકારના તા.૨૬/૧૦/૨૦૧૭ ના પત્ર થી રાજીવ ગાંધી રાષ્ટ્રીય ઘોડિયાઘર યોજનાનું નામ બદલીને રાષ્ટ્રીય ઘોડિયાઘર યોજના કરવામાં આવેલ છે.

<u>ઠરાવ:</u>

રાજીવ ગાંધી રાષ્ટ્રીય ઘોડિયાઘર યોજનાનું નામ બદલીને રાષ્ટ્રીય ઘોડિયાઘર યોજના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૩૧/૧૨/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARchristian
(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

૧. માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૩. કમિશ્નરશ્રી ,મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૪. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી,મહિલાઅને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૫. નાણાં વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગંધીનગર
૬. નાણાં સલાહકારશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ ,સચિવાલય,,ગાંધીનગર
૭. એકાઉન્ટ્ન્ટ જનરલ શ્રી , અમદાવાદ /રાજકોટ
૮. જીલ્લા વિકાસઅધિકારીશ્રી ,તમામ
૯. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ
૧૦. પ્રાદેશિક નાયબ નિયામકશ્રી, તમામ
૧૧. પ્રોગ્રામ ઓફીસરશ્રી,આઇસીડીએસ તમામ
૧૨. પ્રોગ્રામ ઓફીસરશ્રી,મહાનગર પાલિકા (અર્બન) તમામ
૧૩. સિલેકટ ફાઇલ